## વડીલોને વંદન અભિનંદન



સવિતાબેન મનસુખભાઈ પટેલ
(૧૯૪૫) ફોન : ૨૩૨૩૦૩૩૮

# ગુજરાતે તમામ માટે આવાસનું અભિયાન ઉપાડ્યું : મુખ્યમંત્રી

### મુખ્યમંત્રી દ્વારા ૮ હજાર ઉપરાંત લાભાર્થીઓને આવાસ ફાળવણીના કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રોની પ્રક્રિયાને સંપન્ન કરાઈ

અમદાવાદ, તા. ૧૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતમાં પ્રત્યેક ગરીબ-નિમ્ન મધ્યમ અને ઝુંપડપટ્ટી સેવાવસ્તીમાં વસતા પરિવારોને મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે આવાસ પુરા પાડવાનું રાજ્યવ્યાપી અભિયાન વચેટિયા-લેભાગુ નાબૂદી અભિયાન બની રહેવાનું છે તેવો સ્પષ્ટ સંકેત આપ્યો છે. મુખ્યમંત્રીએ આજે રાજકોટમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરતના ૮ હજાર ઉપરાંત લાભાર્થીઓને આવાસ ફાળવણીના કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો સંપન્ન કર્યા હતા. તેમણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્માણ થયેલા ૬૨૮૪ આવાસોના ફાળવણી પત્રો તેમજ શહેરી ક્ષેત્રની શાળઓના સેવાવસ્તી બાળકોને ગરમ આહાર પૂરો પાડતા મધ્યાહન ભોજન યોજનાના મધ્યસ્થ રસોડાનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ અત્યાર સુધી આવાસ છત્ર, ફાળવણીની વિવિધ યોજનાઓમાં ગરીબ જરૂરતમંદ લાભાર્થીઓને ભોળવી-ગેરમાર્ગે દોરી તેમના મકાનો-પરસેવાની કમાણી હડપ કરી જતા લેભાગુઓને નશ્યત કરવા ગુજરાતમાં આવાસ ફાળવણીના પારદર્શી ડ્રોની કોમ્પ્યુટરાઈઝ્ડ નવતર પદ્ધતિની વિશેષતા સમજાવી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ગૃહ યોજનાના આવાસોના નિર્માણમાં તેની ગુણવત્તામાં અને માળખાગત સુવિધાઓ આવાસના સ્થળે પૂરી પાડવામાં પણ પારદર્શિતા અને ઝડપ લાવી આગામી બે વર્ષમાં આવાસ નિર્માણ લક્ષ્યાંક અમે પૂર્ણ કરીશું. આનંદીબેન પટેલે રાજ્ય સરકાર માત્ર આવાસ છત્ર જ નહિ, ઉજ્જવળ આવતીકાલની આધારશીલા સમા બાળકોના આરોગ્ય-સ્વાસ્થ્ય-સુખાકારી અનએ શિક્ષણની પણ એટલી જ કાળજી લઈ સર્વાંગીણ સમૃદ્ધ સમાજ નિર્માણ માટેની નેમ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ ગરીબમાં ગરીબ અનએ છેવાડાના અંત્યોદય પરિવારનું બાળક પણ શિક્ષણથી વંચિત ન રહે તેવા સમાજ સેવાના ધ્યેયથી રાજ્યમાં કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ અભિયાન જન આંદોલન સ્વરુપે વિકસાવ્યું છે તેની ભૂમિકા આપી હતી. તેમણે શિક્ષણમાં સુવિધાઓ આપ્યા બાદ હવે ગુણવત્તા શિક્ષણની જરૂરિયાત પૂર્ણ કરવા માટે પણ સમાજ સમસ્તની ભાગીદારી વાંચ્છી હતી.

રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં સમાજનો સર્વાંગી, સમતોલ અને સમરસ વિકાસ થાય તે જરૂરી છે. જે ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા રાજ્યના છેવાડાના માનવીને પણ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે અને તે માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આજે ગુજરાતના વિકાસ મોડેલનો અભ્યાસ કરવા કેન્દ્ર સરકારની વિવિધ વિભાગની ટીમો તેમજ અન્ય રાજ્ય સરકારની ટીમો આવી રહી છે. જે બાબત જ ગુજરાતના વિકાસને પુષ્ટી આપે છે. આ તકે મંત્રીએ આવાસ યોજના ડ્રોમાં પસંદગી પામેલા લાભાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

રાજયકક્ષાના શહેરી ગૃહ નિર્માણમંત્રી શંકરભાઈ ચૌધરીએ ઉદબોધનમાં જણાવ્યું હતું કે દરેક માનવીનું હંમેશા પોતાનું ઘરનું ઘર હોય તેવું સ્વપ્ન હોય છે તેને સાકાર કરવા મુખ્યમંત્રી ગૃહ યોજના અમલમાં મુકી આ દિશામાં રાજ્ય સરકારે સૌને આવાસ આપવાનો મક્કમ નિર્ધાર સાથે જ આગળ વધી રહી છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જેટલા આળાસો બને તે તમામ પુરી ગુણવત્તા અને મજબૂતાઈયુક્ત બને તેવી નેમ સાથે આવાસોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

## મજરા સેવા સહકારી મંડળીના ચેરમેન સેક્રેટરી સામે ઉચાપતની ફરિયાદ : કોર્ટે પોલીસને તપાસ કરવા આદેશ કર્યો

પ્રાંતિજ, તા. ૧૫

મજરા સેવા સહકારી મંડળીમાં રૂ. ૫ લાખની ઉચાપત થતા મંડળના ચેરમેન અને સેક્રેટરી સામે કોર્ટમાં ફરિયાદ થવા પામી છે. કોર્ટે પ્રાંતિજ પોલીસને તપાસનો હુકમ કરતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નજીક મજરા સેવા સહકારી મંડળીમાં જયંતિભાઈ પટેલ ચેરમેન અને ભરત પટેલ સેક્રેટરી છે. મંડળીના વહીવટકર્તાઓ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી માલ સ્ટોકના ચોપડામાં ગેરરીતિ કરી અંદાજે રૂ. પાંચ લાખના હિસાબો નીલ બતાવ્યા છે. જે સંદર્ભે નામદાર પ્રાંતિજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પરિણામે પ્રાંતિજ કોર્ટે આ સંદર્ભે તપાસ કરવા પ્રાંતિજ પોલીસને આદેશ કરતાં પોલીસે મજરા સેવા સહકારી મંડળીના ચેરમેન અને સેક્રેટરી સામે તપાસનો દોર શરૂ કર્યો છે.



યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત ગમત વિભાગ ગુજરાત સરકારના સહયોગથી 'આરાધના સ્કૂલ ઓફ ડાન્સ'ની ૧૧ જેટલી દિકરીઓ સીન્ધુ દર્શન મહોત્સવમાં ભાગ લવા લેહ લદાખ ખાતે સોમવારે ટ્રેન મારફતે જઈ રહી છે. તેઓને શુભેચ્છા આપવા અરવિંદ કેન્દ્ર ખાતે એક કાર્યક્રમ યોજાઈ ગયો.
(તસવીર : કશ્યપ નિમાવત)

# રાજકોટમાં આધુનિક રસોડાનું મુખ્યપ્રધાનના હસ્તે લોકાર્પણ

### બાળકોને આહાર સમયસર મળે પરંતુ બગાડ ન જ થાય તેની ખાતરી કરવા મુખ્યમંત્રીએ સંસ્થાઓને અપીલ કરી

અમદાવાદ, તા. ૧૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજરોજ રૂપિયા ૨૫૦ લાખ ઉપરાંતના ખર્ચે તૈયાર થયેલ મધ્યવર્તી મધ્યાહન ભોજન યોજનાના અદ્યતન રસોડાનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે, શહેરના બાળકો માટે ઐતિહાસિક દિવસની શરૂઆત થઈ છે. આધુનિક રસોડાની બાળકોને સારો-ગરમ અને પૌષ્ટિક આહાર મળશે. આધુનિક રસોડાના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત શાળાના આચાર્યોને મુખ્મયંત્રીએ તેમની શાળાના બાળકો પૈકીના અશક્ત બાળકોને અલગ તારવીને તેમના પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો હતો. દેશના વડાપ્રધાન અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વંચિત બાળકોનું સ્વાસ્થ્ય સારું બને તેવી આશા સેવી હતી તે પરિપૂર્ણ થઈ છે ત્યારે યોજનાનું સફળ રીતે સંચાલન કરીને બાળકોને સશક્ત બને તો જ આ યોજનાનો ઉદ્દેશ્ય સાર્થક થશે.

શહેરના ૪૦ હજારથી વધુ બાળકોને ઓટોમેટિક અને હાઈજીનીક રસોડામાં તૈયાર થનાર આહાર સમયસર મળે અને તેનો બગાડ ન થાય તે બાબતનું શાળા સંચાલકો અને શિક્ષકોને ખાસ ધ્યાન રાખવા મુખ્યમંત્રીએ સૂચન કર્યું હતું. રાજકોટ મહાનગરપાલિકા અને સહભાગી સંસ્થાઓને આ તકે આનંદીબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આવનારી પેઢીનું સ્વાસ્થઅય તંદુરસ્ત રહે તે માટે આધુનિક રસોડાની વ્યવસ્થા ઉભી કરવા બદલ મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ વ્યવસ્થા સુચારુરીતે ચાલે, સ્વાસ્થ્યપ્રદ રીતે તૈયાર થયેલ ખોરાકનો સદ્‌ઉપયોગ થાય, સ્વચ્છતા જળવાય તે જોવાની જવાબદારી આચાર્ય-શિક્ષકોની છે. મુખ્યમંત્રીએ આધુનિક રસોડાની વિવિધ વિભાગો જેવા કે એકસાથે સંખ્યાબંધ રોટલી વણવાના મશીન, શાકભાજી કાપવા-સમારવાનો વિભાગ, વરાળથી ખોરાક બાફવાના યંત્ર વિભાગ વગેરેની જીણવટભરી મુલાકાત લીધી હતી. આંગણવાડીના બાળકોને મુખ્યમંત્રીએ તથા અન્ય મહાનુભાવોએ સ્વહસ્તે ભોજન પીરસ્યું હતું. આ પ્રસંગે મેયર રક્ષાબેન બોળિયા, રાજ્યમંત્રી ગોવિંદભાઈ પટેલ, રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી, ધારાસભ્ય ભાનુબેન બાબરિયા, મહાનગરપાલિકાના કમિશનર અજય ભાદુ વગેરે આગેવાનો શિક્ષણ સમિતિના ચેરમેન દેવાંગ માંકડ, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન નીતિન ભારદ્વાજ, ડેપ્યુટી મેયર ઉદય કાનગડ સહિતના અનેક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાર્થીઓ હવે બીકોમને પ્રાથમિકતા આપી રહ્યા છે

અમદાવાદ, તા. ૧૫

એક સમયે બિઝનેસ મેનેજમેન્ટ માટે બીબીએમાં અને કમ્પ્યુટરમાં સ્નાતકની પદવી માટે બીસીએમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓનો ધસારો રહેતો હતો જે પાછલા વર્ષોમાં સતત ઘટતો રહ્યો છે. બીજી તરફ તેની સરખામણીએ બીકોમ તરફનો ટ્રેન્ડ વધી રહ્યો છે. ગુજરાતમાંથી કમ્પ્યુટર કે બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતક બનવા ઉત્સુક વિદ્યાર્થીઓના પ્રવેશ રેશિયામાં છેલ્લા ચાર વર્ષથી સતત ઘટાડો નોંધાયો છે જ્યારે કોમર્સમાં કારકીર્દી બનાવવા બીકોમમાં વિદ્યાર્થી પ્રવેશ વધતો રહ્યો છે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ પછી બીએ, બીકોમ, બીબીએ, બીસીએમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓ કોલેજમાં આંટા લગાવતા થયા છે ત્યારે છેલ્લા ચાર વર્ષમાં કોલેજના કયા પ્રવાહમાં વિદ્યાર્થીઓ પ્રવેશનો ટ્રેન્ડ કેવો રહ્યો તેના પર દ્રષ્ટિપાત કરીએ તો ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીસીએની કોલેજોમાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ ૩૭૩૧ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે ત્રણ વર્ષ બાદ વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૭૯૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. બીસીએની સાથે બીબીએ અભ્યાસમાં પણ વિદ્યાર્થી પ્રવેશના રેશિયામાં ઘટાડો આવ્યો છે. આ ચાર વર્ષમાં બીબીએ, બીસીએના ઘટના ક્રેઝની સરખામણીએ બીકોમ પ્રવેશમાં ઉછાળો આવ્યો છે જ્યારે આર્ટ્સ કોલેજોમાં વર્ષ ૨૦૧૨-૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રથમ વર્ષ બીએમાં પ્રવેશનું પ્રમાણ ઘટ્યુ છે. ઉલ્લેખનીય છે કે, બીબીએ પાછળ એક-બે લાખ ખર્ચ કરીને એણબીએ કરવા કરતા ૧૫ હજાર જેટલી ફીમાં બીકોમ કરી એમબીએ થવાય જ છે.

### કેરીઓ ઠલવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માલની પણ આવકો થઈ રહી છે. અત્યારની સીઝનની ગરમી પ્રમાણે કેરીમાં કાર્બાઈડ મુકયા વગર પણ સરળતાથી કેરી પાકી જાય છે. માલ આવકો વધારે છે ભારે ગરમીના લીધે બે ત્રણ દિવસથી વધુ માલ પણ ટકી શકતો નથી. જુનો માલ વહેંચાઈ નહીં ત્યાં નવા માલના ખડકલા થઈ રહ્યા છે. આ વર્ષે કેસર કેરીની સીઝન પ્રમાણમાં મોડી શરુ થઈ હતી જેથી મે માસમાં ધીમી ગતિએ કેસર કેરીની આવકો બજારમાં નોંધાઈ હતી પરંતુ જુન માસના પ્રારંભથી જ આવકમાં તોતીંગ વધારો નોંધાયો છે. આવકો વધતાં બજારમાં ભાવ પણ તળીયે બેસી ગયા છે. માવઠાને લીધે કેસર કેરીના પાકને નુકશાન પણ થયું હતું જેથી આવકના જથ્થામાંથી ઘણો માલ નબળો પણ ઠલવાઈ રહ્યો છે.

### ઉકળાટ યથાવત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈએ તેટલી રાહત જણાતી નથી. બપોરના સમયે ઉકળાટ સાથેનો તાપ વરસી રહ્યો છે તેમજ કયારેક પવન જરીક પણ બંધ થઈ જાય તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. જો કે મોટા ભાગે સતત પવન ચાલુ રહેવાને કારણે ગરમીમાં રાહત જરુરથી મળી છે અને પારો પણ ગગડીને ૩૮.૭ ડિગ્રી સુધી પહોંચી જવા પામ્યો છે. આમ છતાં નગરજનો બફારાને કારણે પંખા કે એસી વગર રહી શકતા નથી.

સતત પવન વહેતો રહેવાને કારણે ખુલ્લા રસ્તાઓ અને કોમન પ્લોટો વગેરે જગ્યાએ ધૂળની ડમરીઓ ઉડતી દેખાય છે. ગૃહિણીઓએ ઘરમાં કચરો વાળીને સાફ કર્યું હોય પરંતુ કલાક બે કલાકમાં ફરીથી ફર્શ પર ડસ્ટ ફેલાયેલી હોય તેવો અનુભવ થયા કરે છે અને ફરીથી ઝાડુ લઈને સાફસૂફી કરતા પવનથી ઉડીને આવેલી રેતી જમા થઈ જાય છે. છેલ્લા બે મહિનાની આકરી ગરમી અને અઠવાડિયાથી સતત ઉકળાટના કારણે હવે નગરજનો કયારે વર્ષારાણીનું આગમન થાય તેની જ મીટ માંડીને બેઠા છે.

# ૨૯મીએ લેક્ચરર બનવા ફરજીયાત ગણાતી નેટ થશે

અમદાવાદ, તા. ૧૫

યુનિવર્સિટી કે કોલેજમાં લેક્ચરર બનવા માટે એલિજિબલ બનવા અથવા જુનિયર રિસર્ચ ફેલોશીપ મેળવવા માટે યુજીસી દ્વારા દેશમાં નિયત કરાયેલ યુનિવર્સિટી સેન્ટરોમાં ૨૯મી જૂનના રોજ નેટ પરીક્ષા લેવાનાર છે જેમાં ગુજરાતના અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, વડોદરાની એમએસ યુનિવર્સિટી અને પાટણમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી એમ ચાર સેન્ટરમાંથી કુલ ૧૪૯૯૪ વિદ્યાર્થી નોંધાયા છે.

વર્ષમાં બે વખત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા યુનિવર્સિટી કે કોલેજમાં લેક્ચરર બનવા માટે એલિજિબલ બનવા અથવા જુનિયર રિસર્ચ ફેલોશીપ મેળવવા માટે નેશનલ એલિજિબિલીટી ટેસ્ટ લેવામાં આવતો હોય છે. જેમાં ગુજરાતમાં નેટ પરીક્ષા માટે અગાઉ અમદાવાદ, વડોદરા અને ભાવનગર એમ ત્રણ સેન્ટર જ હતા. હવે યુજીસી દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને ચોથા સેન્ટર તરીકે માન્યતા અપાતા આ વર્ષે ગુજરાતમાં કુલ ચાર સેન્ટરો પરથી નેટની પરીક્ષા લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીએ નેટ પરીક્ષામાં એક જ દિવસે ત્રણ પેપર સવારે ૯.૩૦થી સાંજે ચાર વાગ્યા દરમિયાન આપવાના હોય છે. જેમાં બે પેપર બાદ બપોરે ૧૨થી ૧.૩૦ સુધી રિશેસ અને ત્યાર પછી એક પેપરની પરીક્ષા હોય છે. ત્રણેય પેપર એમસીક્યુ પેટર્નમાં આવશે જેમાં પ્રથમ ૧૦૦ માર્ક્સનું પેપર તમામ વિદ્યાર્થી માટે જનરલ, ત્યારબાદ ૧૦૦ માર્ક્સ અને ૧૫૦ માર્ક્સનું પેપર જે તે વિષયનું હોય છે.

## શબ્દાવલી - ૫૪૨૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | |
| ■ | ૮ | ૯ | | | ■ | ■ | |
| ૧૦ | | | ■ | ૧૧ | ૧૨ | ■ | |
| ૧૩ | | | ■ | ૧૪ | | ■ | |
| | ■ | ■ | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ■ |
| ■ | ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | |
| ૨૧ | | | | | ■ | | ■ |

### આડી ચાવી

૧. બેશક, કોઇ શક વગર (૪)
૩. શ્રીલંકા (૩)
૬. હિંસક પ્રાણી, ટાઇગર (૨)
૭. જામીનગીરી (૪)
૮. લાગવગીયું (૪)
૧૦. સંગ્રામ, યુદ્ધ (૨)
૧૧. ડાભડો, એક પ્રકારનું ઘાસ (૨)
૧૩. વ્હીકલ (૩)
૧૪. ફળનું ઝુમખું (૨)
૧૬. સોજી, જેનો શીરો બને (૨)
૧૮. રદ, બાતલ (૩)
૨૦. ડોકુ કાઢવું (૩)
૨૧. ખરાબ ચાલચલન વાળુ (૫)

### ઊભી ચાવી

૧. વિધવા, પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી (૨)
૨. લઘુતાગ્રંથી (૫)
૩. સિમાડો, બોર્ડર (૨)
૪. પૈસાની મદદ (૨)
૫. નીચા માથે, નમેલું (૫)
૭. એક ફળ (૪)
૯. ઊંડુ (૩)
૧૦. લગ્ન (૩)
૧૨. એક રમકડું, ગરિયો (૪)
૧૫. અસફલનું વિરોધી (૩)
૧૭. નાનો વહેળો, નાળુ (૩)
૧૮. 'દમો' શબ્દ ઊંધો (૨)
૧૯. જવું તે, ચાલવું (૨)

### શબ્દાવલી ૫૪૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરસેવો (૪) પતન (૬) સસલુ (૭) કદ (૮) બોલાચાલી (૧૦) વૉલીબોલ (૧૩) પગલા (૧૫) પડકું (૧૬) લત (૧૭) કણકી (૧૮) ખપ (૨૦) ખાતર (૨૧) જીરવવું (૨૨) તરત

**ઊભી ચાવી :-** (૧) પસતાવો (૨) રસ (૩) સેલુ (૪) પદચાપ (૫) નટ (૭) કલા (૮) બોલકુ (૯) લીગલ (૧૧) લીપણ (૧૨) બોડકી (૧૪) લાતમલાત (૧૭) કણજી (૧૮) ખત (૧૯) પરત (૨૦) ખાવું

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોહિબિશનના કાયદાની જરૂર છે. આ કર્મચારીએ કહ્યું કે મોદી જો એમ કહેતા હોય કે ગાંધી અને સરદાર ગુજરાતના જ નહી સમગ્ર હિન્દુસ્તાનનું ગૌરવ હતા તો પછી તેમની સરકારે સમગ્ર દેશમાં પ્રોહિબિશનના કાયદાનો અમલ કરવો જોઈએ...બીજા કર્મચારીએ કહ્યું કે યાર, તમારી વાતમાં પણ દમ છે....

**દેશભરમાં ગુજરાત મોડલ શક્ય ન પણ બને...**

ગુજરાત મોડલની વાતો થાય છે. કેન્દ્રના પ્રધાનો ગુજરાતની મુલાકાત લેતા થઈ ગયા છે પરંતુ દેશભરના રાજયોમાં ગુજરાત મોડલ શક્ય છે ખરૂં...એવો સવાલ સચિવાલયમાં એક અધિકારીને કર્યો તો પ્રત્યુત્તાર મળ્યો કે -ત્યેક રાજયની ભૌગૌલિક તેમજ આર્થિક પરિસ્થિતિ અલગ અલગ છે તેથી ગુજરાતમાં જે યોજનાઓનો અમલ શરૂ કરવામાં આવ્યો છે તે અન્ય રાજયોમાં શક્ય ન પણ બની શકે...મોદી સરકાર માટે આ એક ભયસ્થાન છે...

ગુજરાતને કુદરતી રીતે એવી ભૂમિ મળી છે કે જયાં વિકાસના મોડલ બનાવી શકાય છે. હિમાચલ પ્રદેશમાં સફરજન અને ચેરી મશહૂર છે, કારણ કે ત્યાં આ બન્ને ફળનો મબલખ પાક થાય છે. ગુજરાતમાં આ બન્ને ફળ ઉગાડવા શક્ય નથી...ગુજરાતમાં ગિફ્ટ સિટી બનાવી શકાય પણ કાશ્મીરમાં તે શક્ય નથી. ગુજરાત જેવી સમૃદ્ધિ આસામમાં નથી. ઉત્તારપ્રદેશની વસતી એટલી છે કે ત્યાં વસતીનો આંકડો વિકાસને ભરખી જાય છે. હા, જે રાજયમાં જે કુદરતી સંપદા ઉપલબ્ધ છે તેનો મહત્તામ ઉપયોગ કરીને ડેવલપમેન્ટ શક્ય બની શકે છે..

**હમ નહી સુધરેગે, કોગ્રેસમાં વેકેશન ચાલે છે...**

પરીક્ષામાં નાપાસ થયેલો વિદ્યાર્થી ફરીવાર પરીક્ષા આપવા લગનથી અભ્યાસમાં જેમ મગ્ન બની જાય છે, કીડી-મંકોડા દિવાસ ઉપરથી પડ્યા પછી ફરી પાછા ઉપર ચઢવા લાગી જાય છે તેમ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ફરીથી મહેનત કરવામાં લાગી જવું પડે, પરંતુ અહી આશાનું કોઇ કિરણ દેખાતું નથી. લોકસભાની હાર પછી પણ આ પાર્ટીમાં હજી વેકેશન જેવો માહોલ છે. કોંગ્રેસના નેતાઓ શાસનમાં હતા ત્યારે કોઈ નિર્ણય કર્યો નહીં અને વિરોધમાં છે છતાં નિર્ણય કરી શકતા નથી. ગુજરાતમાં તો અત્યાર સુધીમાં જીપીસીસીની પુનઁરચના થઈ જવી જોઈતી હતી, પણ -દેશના નેતાઓને ફરીથી સત્તાામાં આવવાની ઈચ્છા દેખાતી નથી...

ભારતભરમાં ભગવો લહેરાઈ ચૂક્યો છે. નવી સરકારે એક પછી એક કદમ લેવાના શરૂ કર્યા છે પરંતુ હારેલી-થાકેલી કોંગ્રેસને કળ વળી નથી. દેશ માટે આ એક ભયસ્થાન છે, કેમ કે સબળ વિરોધપક્ષ વિનાની સરકાર પણ નકામી છે. દુશ્મન જેમ વધુ શક્તિશાળી તેમ તેની સાથે યુદ્ધ કરવાનો રોમાંચક આનંદ અનેરો હોય છે તેમ શાસનમાં શાસક પક્ષ અને વિરોધપક્ષ મજબૂત હોય તો લોકોને અન્યાય થતો અટકે છે. મોદીના સ્ટીમરોલરમાં કોંગ્રેસનો સફાયો થઈ ચૂક્યો છે ત્યારે લોકસભામાં વિરોધપક્ષના નેતાપદ માટે ધમાસાણ ચાલી રહ્યું છે. કોંગ્રેસ પાસે વિપક્ષની ખુરશીમાં બેસવા પુરતા સભ્યો નથી...

**ભાજપના સૂત્રો હવે કોગ્રેસના હવાલે...**

ભારતમાં કોંગ્રેસ પ્રેરિત યુપીએની સરકારે દસ વર્ષ સુધી રાજ કર્યું છે અને આટલા સમયમાં ગુજરાતમાં મોદીએ શાસન કર્યુ છે. આ દસ વર્ષમાં મોદીએ કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કરીને વિવિધ ચૂંટણીઓમાં જીત હાંસલ કરી છે. કેન્દ્રનો હડહડતો અન્યાય.. કેન્દ્રનું ગુજરાત -ત્યે ઓરમાયું વર્તન... ગુજરાતને કેન્દ્ર સહાય આપતું નથી.. આ બધાં સૂત્રો મોદી શાસમાં વહેતા થયા હતા. હવે આ સૂત્રો ઉપર કોંગ્રેસ કબ્જો જમાવી લેશે, કારણ કે કેન્દ્રમાં અને રાજયમાં ભાજપની સરકાર છે. ગુજરાત સરકાર`કેન્દ્રનો અન્યાય` એવો શબ્દ વાપરી નહી શકે, જે કોંગ્રેસને વાપરવાનો થશે. મોદી દિલ્હી જતાં જતાં કોંગ્રેસને આ સૂત્રોની ગિફ્ટ આપતા ગયા છે...

કેન્દ્રમાં હાલની સ્થિતિએ ગુજરાતના ૧૧૧ પ્રશ્નો પડતર છે. જો કે તેમાં અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાની દરખાસ્તનો કોઈ મુદ્દો નથી. આ માટે એએમસી એ ફરીથી કેન્દ્રમાં દરખાસ્ત કરવી પડશે. છેલ્લા ૧૧ વર્ષથી કેન્દ્રમાં પડી રહેલા ગુજકોક ના બિલ માટે ભાજપ અત્યારે ચૂપ છે. નર્મદા યોજનાના બંધની ઉંચાઇનો મામલો ભલે ઉકલી ગયો પરંતુ ગુજરાતને સિંધુ બેઝિનના પાણીનો ઈન્ટરસ્ટેટ ઈસ્યુ ઓપન છે. એવી આશા રાખીએ કે મોદીએ બનાવેલા ફરજીયાત વોટીંગ અને ૫૦ ટકા મહિલા અનામતના સંયુક્ત વિધેયકને ઝડપથી બહાલી મળી જાય...

**મોદી મિશન-પાડોશી દેશો વચ્ચે ભાઇચારો ...**

યુપીએ-૨ના શાસન દરમ્યાન ભારતના પડોશી રાજયો વચ્ચે વૈમનસ્ય વધ્યું હતું તેથી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં પડોશી રાજયો સાથેના સબંધો અંગે વિવિધ પ્રશ્નો ઉઠાવ્યા હતા. બરાબર એ જ ધરી ઉપર મોદી હવે પાડોશી રાજયો સાથે સબંધો મજબૂત કરવાના કાર્યમાં લાગી ગયા છે. પાડોશી રાજયો સાથે ભાઈચારો એ મોદી માટે મિશન બની ચૂક્યું છે. સાઉથ એશિયન એસોસેયેશન ફોર રિઝનલ કોઓપરેશન-સાર્ક એ એક એવું સંગઠન છે જેમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ઈન્ડિયા, માલદીવ, નેપાલ, પાકિસ્તાન અને શ્રીલંકા સભ્ય દેશો છે. આ સંગઠનમાં સાઉથ આફ્રિકા ગેસ્ટ છે અને ઓસ્ટ્રેલિયા, ચાઈના, યુરોપિયન યુનિયન, ઈરાન, જાપાન, મૈરૂત, સાઉથ કોરીયા અને યુએસ ઓબ્ઝર્વર્સ છે...

સાર્કની ફર્સ્ટ સમિટ ૧૯૮૫માં બાંગ્લાદેશમાં મળી હતી. આ ઓર્ગેનાઈઝેશને અત્યાર સુધીમાં ૧૭ સમિટ કરી છે અને ૧૮મી સમિટનો યજમાન દેશ નેપાળનું કાઠમંડુ છે. આ સમિટ નવેમ્બર-૨૦૧૪માં યોજાવાની છે ત્યારે મોદીએ સાર્કના દેશોને તેમની શપથવિધિમાં આમંત્રણ આપીને ભારતના રાજકારણમાં ઈતિહાસ સર્જ્યો છે. મોદીએ પાકિસ્તાનના વડાપ્રધાન સાથે મંત્રણા કરીને બન્ને દેશો વચ્ચેના સબંધો સુધારવાની પહેલ કરી છે. પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી મોદીની પહેલી વિદેશયાત્રા ભૂતાન બની છે તે જોતાં એવું લાગે છે કે મોદી પાડોશી રાજયો સાથેના સબંધોની નવી ફોર્મ્યુલા સમગ્ર વિશ્વ સમક્ષ પેશ કરી શકે છે...

**કડવા ઘૂંટ પીવા પડશે, અચ્છે દિન નહી આયેગે ...**

આપણે તો કડવા ઘૂંટ પીવા પડશે, કારણ કે ભારતની જનતા માટે અચ્છે દિન નહી આનેવાલે હૈ... મોદીએ ગોવાના પણજીમાં ભાજપના કાર્યકર્તાઓને સંબોધતાં કહ્યું હતું કે`યુપીએ સરકાર બધ્ધું ખાલી કરીને ગઈ છે, મોદી કે ભાજપની પ્રસંશા કરવાથી અર્થતંત્ર સુધરવાનું નથી. રાષ્ટ્રહિતમાં આકરા પગલાં લેવા પડશે...` મોદીનું આ વિધાન સૂચક છે. આ દેશની પ્રજાને પેટ્રોલ અને ડિઝલમાં રાહત મળવાના કોઈ એંધાણ નથી, કારણ કે કેન્દ્રની ભાજપ સરકાર પેટ્રોલિયમ પેદાશોની વધતી કિંમતમાં બાંધછોડ કરવાના મૂડમાં નથી. બીજી તરફ મોદી સરકારના પહેલા બજેટમાં ફુલગુલાબી રાહતોના અણસાર દેખાતા નથી. ભાજપની સરકાર પાસે હાલ તો મસ્ત બહાનું છે કે યુપીએ સરકારે ખોદેલો ખાડો પૂરવાનો છે....

ગુજરાતનું બજેટ પણ જુલાઈ મહિનામાં રજૂ થવાનું છે. ગુજરાતમાં સરકાર ધારે તો પેટ્રોલ-ડિઝલ પરનો વેટ ઘટાડી શકે છે પરંતુ તેવું કરવાનો હાલના ફાયનાન્સ મિનિસ્ટર સૌરભ પટેલ ઈન્કાર કરે છે. સરકારની તિજોરી છલકાયેલી હોવાનો દાવો કરતી આ સરકાર ટેક્સની આવકમાં ઘટાડો કરવા માગતી નથી. રાજય સરકારનું બજેટ ૧.૨૦ લાખ કરોડનું છે જે પૈકી પ્રથમ ચાર મહિના માટે લેવાયેલા વોટ ઓન એકાઉન્ટની રકમ ૪૦ હજાર કરોડ થવા જાય છે. બાકીના આઠ મહિના માટે ૮૦ લાખ કરોડ ખર્ચાય તેવો અંદાજ છે. આ રૂપિયામાં ઓન ગોઈંગ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો સરકારનો ઈરાદો છે. ભારતમાં કે ગુજરાતમાં અચ્છે દિન નહી આનેવાલે હૈ...

**ઓફિસરો માટે બે દિવસનો અભ્યાસવર્ગ...**

ગુજરાતના ચીફ મિનિસ્ટર બન્યા પછી હવે આનંદીબેન પટેલ રાજયના વહીવટી તંત્રને સમજી રહ્યાં છે. સીએમઓમાં માઈનોર ચેઈન્જ કર્યા પછી હવે તેમણે બ્યુરોક્રેસી ઉપર નજર દોડાવી છે. ક્યા ઓફિસર ક્યા હોદ્દા ઉપર છે... કોણ ક્યાં છે... વિભાગમાં શું ચાલે છે.. વિવિધ પ્રોજેક્ટોની સ્થિતિ શું છે... લોકોપયોગી યોજનાઓમાં ક્યાં ઉણપ છે... બજેટમાં કઈ નવી યોજના અમલી બનાવી શકાય તેમ છે.. આ બધાં સવાલોના જવાબ આનંદીબેનને જોઈએ છે. હાલ તો કૈલાસનાથન એવા એક નિવૃત્ત અધિકારી છે જેઓ આનંદીબેનના સલાહકારની ભૂમિકામાં છે. તેઓ સેક્રેટરીયલ હાઉસમાં કેન્દ્ર અને રાજય વચ્ચેની મહત્વપૂર્ણ કડી છે. તેમના પછી બીજાક્રમે ગીરીશચંન્દ્ર મુર્મુ આવે છે જેઓ માહિતી અને પ્રસારણનો પણ હવાલો સંભાળે છે...

ચીફ મિનિસ્ટરે પહેલીવાર તમામ જિલ્લાના કલેક્ટરો, ડીડીઓ અને સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસની કોન્ફરન્સ બોલાવી છે જેના ભાગરૂપે ૧૬મી જૂને આનંદીબેન કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે ચર્ચા કરશે. ૧૭મી જૂને તેઓ ગૃહ વિભાગના ટોચના અધિકારીઓ સાથે મિટીંગ કરશે. સચિવાલયના સૂત્રો કહે છે કે આનંદીબેન તેમની કાર્યપદ્ધતિથી ઓફિસરોને વાકેફ કરશે અને સરકારની નવી રણનિતી સમજાવશે. પ્રત્યેક જિલ્લાના વહીવટી કામના સૂચનો પણ તેઓ મેળવશે. બજેટ સત્ર હોવાથી હમણાં વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો સંભવ નથી, પરંતુ ખાલી જગ્યાઓ છે ત્યાં નવી નિમણૂકોને અવકાશ છે...

**બજેટના અંતિમ દિવસે નવા ચીફ સેક્રેટરી...**

ગુજરાતના બજેટ સત્રના અંતિમ દિવસે ગુજરાતમાં નવા ચીફ સેક્રેટરીની નિયુક્તિ થઈ શકે છે, કારણ કે હાલના ચીફ સેક્રેટરી ડો. વરેશસિંહાના એક્સટેન્શનને ત્રણ મહિના પૂર્ણ થાય છે. ગુજરાત સરકારની ભલામણ -માણે કેન્દ્રએ વરેશ સિંહાને ત્રણ માસનું એક્સટેન્શન આપ્યું હતું. સિનિયોરીટી પ્રમાણે જોઈએ તો નંબર ટુ ના સ્થાને ગૃહ વિભાગના હાલના એડિશનલ ચીફ સેક્રેટરી ડો. સુદીપકુમાર નંદાનો વારો આવે છે. તેઓ ગુજરાતના નવા ચીફ સેક્રેટરી બનશે. આ નિમણૂક લગભગ નક્કી જ છે...!!